




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૬ | ૧૭ મે, ૨૦૨૧, સોમવાર; વૈશાખ સુદ - ૫ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# આજે 'તૌકતે' ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે

## તૌકતે વાવાઝોડું પોરબંદરથી ભાવનગર વચ્ચે ટકરાશે, ૧૫૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાશે : ૨૪ કલાકમાં તૌકતે વાવાઝોડું વધારે મજબૂત થશે








ગાંધીનગર,તા.૧૬

તાઉ-તે વાવાઝોડું વારંવાર તેની દિશા બદલી રહ્યું છે. ત્યારે વાવાઝોડાએ પોતાનો માર્ગ ફરીએકવાર બદલતા તંત્ર વધુ એલર્ટ થઈ ગયું છે. વાવાઝોડાએ રસ્તો બદલતા હવે પોરબંદર-મહુવા તરફ સંકટ વધ્યું છે. પોરબંદર-મહુવાના દરિયા કિનારા માટે વધુ ચિંતા ઉભી થઈ છે. તેના કારણે અહીંના દરિયાકાંઠાના ગામો પર વધુ ખતરો તોળાઈ રહ્યો છે. આથી લોકોના સ્થળાંતરને લઈને આયોજન શરૂ કરી દેવાયું છે.

વાવાઝોડું દીવ તરફ આગળ વધતું દેખાઈ રહ્યું છે અને મહુવાથી પોરબંદરની વચ્ચે ત્રાટકવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. અને વાવાઝોડું ગુજરાત તરફ આવતા વધારે આક્રામક બનતું રહેશે.

હવામાન વિભાગે કરેલી વધુ એક આગહીમાં વાવાઝોડું વધારે આક્રામક બનવાની સાથે ૧૭મીની સાંજે ગુજરાતથી પોરબંદરની વચ્ચે લેન્ડફોલ થશે. વાઝોડાએ ફરી પોતાનો માર્ગ બદલ્યો છે. તાઉ-તે વાવાઝોડું ૧૭મી મેના રોજ સાંજે અથવા ૧૮મી મેના રોજ વહેલી સવારે પોરબંદર-મહુવાથી પસાર થશે. જોકે, ગુજરાત પર વાવાઝોડાનું સંકટ યથાવત છે. માત્ર વાવાઝોડાની દિશા દક્ષિણ પૂર્વ તરફ વળી છે. વાવાઝોડું જેમ જેમ આગળ વધી રહ્યું છે તેમ તેમ વધુ મજબૂત થઈ રહ્યું છે. હાલ તાઉ-તે વાવાઝોડું વેરાવળથી ૬૬૦ કિલોમીટર દૂર છે. ગુજરાતમાં વાવાઝોડાની સિવિયર અસર થશે. ૧૭મી તારીખે વાવાઝોડું ગુજરાતના દરિયા કિનારાની વધુ નજીક આવશે. ૧૮મી મેના રોજ સવારે પોરબંદરથી મહુવા વચ્ચે ત્રાટકવાની સંભાવના છે. જેથી તેની સૌથી વધારે અસર સૌરાષ્ટ્ર, કચ્છ, જુનાગઢ, અમરેલી, વેરાવળ, દીવ પર થશે. આ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વાવાઝોડું હાલ ૧૫૦ થી ૧૬૦ કિલોમીટરની ઝડપે આગળ વધી રહ્યું છે.

એનડીઆરએફના એક પ્રવક્તાએ જણાવ્યું કે રાષ્ટ્રીય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો ગુજરાતના ગીર સોમનાથ, અમરેલી, પોરબંદર, દ્વારકા, જામનગર, રાજકોટ, કચ્છ, મોરબી, સુરત, ગાંધીનગર, વલસાડ, ભાવનગર, નવસારી, ભરુચ અને જૂનાગઢ જિલ્લામાં તૈનાત કરાઈ છે.

## તૌકતેને પગલે જામનગરનાં બંદર પર મરીન કમાન્ડો તૈનાત

### જામનગર સહિત સમગ્ર ગુજરાતનાં દરિયા કિનારે બીજા નંબરનું ભયસુચક સિગ્નલ લગાવી દેવાયા છે



જામનગર,તા.૧૬

તૌક્તે વાવાઝોડુ ગુજરાતમાં ત્રાટકવાની આગાહીના પગલે જામનગરના બેડી બંદરે ખાસ સતર્કતા રાખવામાં આવી રહી છે. બંદરે કોઈપણ અનઅધિકૃત લોકોને પ્રવેશ બંધ કરી મરીન કમાન્ડો દ્વારા ખાસ પહેરો ગોઠવી પેટ્રોલીંગ વધારી દેવાયું છે. સૌરાષ્ટ્રભરના વાવાઝોડું જ્યાં ત્રાટકી શકે છે તેવા વિસ્તારોમાં ખાસ સતર્કતા રાખવામાં આવી રહી છે. હાલ જામનગર સહિત સમગ્ર ગુજરાતનાં દરિયા કિનારે બીજા નંબરનું ભયસુચક સિગ્નલ લગાવી દેવાયા છે. તૌક્તે વાવાઝોડું આગામી ૧૮ મેના રોજ ગુજરાતના દરિયાકિનારે ત્રાટકવાની દહેશતને પગલે ગુજરાતમાં રાજ્ય સરકાર અને દરિયા કિનારાના વિસ્તારોમાં આવેલ જિલ્લાઓમાં સ્થાનિક તંત્ર એલર્ટ બન્યું છે. ખાસ સૌરાષ્ટ્રના દરિયાકિનારે વાવાઝોડાની અસર થવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. તેવા સમયે આપત્તિજનક પરિસ્થિતિમાં ખાસ એનડીઆરએફની જુદી-જુદી ટુકડીઓ પણ બોલાવવામાં આવી છે. તો બીજી તરફ દરિયામાં માછીમારોને નહિ જવા સૂચના આપી દેવામાં આવી છે. જેને લઈને બેડી બંદરે બોટોના ખડકલા લાગી ગયા છે.

## કેરળમાં બે, કર્ણાટકમાં ચારનાં મોત, ગોવામાં મુશળધાર વરસાદ

ન્યુ દિલ્હી,તા.૧૬

ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યો પર અરબ સાગરમાં સર્જાયેલા વાવાઝોડા તાઉ-તેનો ખતરો છે. કર્ણાટકના ૬ જિલ્લામાં તેની ઘણી ખરાબ અસર પડી છે. આ જિલ્લાઓના ૭૩ ગામને વાવાઝોડાના કારણે અસર થઈ છે. તાઉ-તે વાવાઝોડું ગોવાના દરિયાકિનારે ટકરાયું છે. ત્યાં પણજીમાં આની અસર જોવા મળી છે. ચક્રવાતી તોફાનના જોરપકડવાની શક્યતા જોતા ગુજરાતને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. શનિવાર રાત્રે જ અનેક કોવિડ દર્દીઓને સુરક્ષિત સ્થાન પર ખસેડવામાં આવ્યા હતા. વગર વાવાઝોડાએ કેરળમાં અસર માત્રથી ૨ મોત થયા છે જ્યારે કર્ણાટકમાં ૪ મોત થયા છે. સુરત હજીરાથી ભાવનગર વચ્ચે ચાલતી રો-રો ફેરી સર્વિસને પણ ૧૭-૧૮ મે માટે બંધ કરી દેવામાં આવી છે. આ તરફ સૌરાષ્ટ્રમાં પોરબંદરના ૩૦ ગામોમાં એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં વાવાઝોડાને પહોંચી વળવા માટે રાજ્યમાં એનડીઆરએફની ટીમ તહેનાત કરવામાં આવી છે. પીએમ મોદીએ તૌકતે વાવાઝોડાને પહોંચી વળવાની તૈયારીઓની માહિતી લેવા માટે શનિવારના રાજ્યો, કેન્દ્રીય મંત્રાલયો અને એજન્સીઓની સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી અને સંબંધિત અધિકારીઓને લોકોને સુરક્ષિત જગ્યા પહોંચાડવા તથા વીજળી, દૂરસંચાર, સ્વાસ્થ્ય, પીવાના પાણી જેવી જરૂરી સેવાઓની વ્યવસ્થા કરવાના નિર્દેશ આપ્યા છે.

## દેશમાં નવા ૩,૧૧,૧૭૦ કેસ નોંધાયા

### કોરોનાના કારણે વધુ ૪૦૭૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો : એક તરફ કોરોનાના ઘટતા કેસ રાહત આપનારા સાબિત થઈ રહ્યા છે બીજી તરફ મૃત્યુઆંક આંચકો આપી રહ્યા છે



નવી દિલ્હી,તા.૧૬

ભારતમાં કોરોના વાયરસના દૈનિક કેસમાં મોટો ઘટાડો નોંધાયો છે. શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડાની સામે આજે સવારે જાહેર કરવામાં આવેલા દેશના નવા કેસની સંખ્યામાં ૧૫,૦૦૦ જેટલો ઘટાડો થયો છે. એક તરફ કોરોનાના ઘટતા કેસ રાહત આપનારા સાબિત થઈ રહ્યા છે તો બીજી તરફ મૃત્યુઆંક આંચકો આપી રહ્યા છે. ગઈકાલની સરખામણીમાં આજે પોણા બસોથી વધારે મૃત્યુઆંક નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૩,૧૧,૧૭૦ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે ૩,૬૨,૪૩૭ દર્દીઓએ સાજા થઈને કોરોનાને હરાવ્યો છે. એટલે ફરી એકવાર નવા કેસ અને સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં લાબું અને સકારાત્મક અંતર જોવા મળ્યું છે. દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે વધુ ૪,૦૭૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે, આ ગઈકાલના કેસની સરખામણીમાં વધુ આંકડો છે. શનિવારે ૩,૮૯૦ દર્દીઓના કોરોનાના લીધે મોત થયા હોવાનું આંકડામાં નોંધાયું હતું, જ્યારે નવા કેસ ૨,૨૬,૦૯૮ નોંધાયા હતા.

## ઈઝરાયેલે હમાસના ટોપ લીડરનું મકાન ફૂંકી માર્યું

જેરૂસેલમ,તા.૧૬

ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેમણે ગાઝામાં હમાસના એક ટોચના નેતાના ઘર પર હુમલો કર્યો છે. ગાઝાથી ઈઝરાયેલમાં હવાઈ હુમલા અને રોકેટ છોડવામાં આવ્યાના લગભગ એક અઠવાડિયા બાદ આ હુમલો કરાયો. સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ હિદાઈ જિલ્બરમેને રવિવારે ઈઝરાયેલી સેનાના રેડિયોને જણાવ્યું કે સેનાએ ગાઝામાં હમાસના સૌથી વરિષ્ઠ નેતા યેહિયેહ સિવારના ઘરને નિશાન બનાવ્યું છે. કદાચ તે ત્યાં છૂપાયેલો હતો. તેનું ઘર દક્ષિણ ગાઝા પટ્ટીના ખાન યુનૂસ શહેરમાં હતું. હમાસ અને ઈસ્લામિક જેહાદ સમૂહે સોમવારે સંઘર્ષ શરૂ થયા બાદથી તેમના ૨૦ લોકો માર્યા ગયાની વાત કરી છે. જ્યારે ઈઝરાયેલે કહ્યું કે અસલ સંખ્યા તેનાથી ઘણી વધુ છે. પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહેમૂદ અબ્બાસે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર વાત કરીને ઈઝરાયેલ સાથે ચાલુ ઘર્ષણમાં હસ્તક્ષેપ કરવાનો અને ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટાઈન પર થઈ રહેલા હુમલાને બંધ કરવા માટે આહ્વાન કર્યું છે. પેલેસ્ટાઈનની સરકારી સમાચાર એજન્સી વાફાએ શનિવારે જાણકારી આપી કે અબ્બાસે અમેરિકી રાષ્ટ્રપતિને ફોન કરીને તેમને પેલેસ્ટાઈન વિસ્તારમાં ચાલુ હિંસા અંગે તાજી જાણકારી આપતા કહ્યું કે જ્યાં સુધી વિસ્તારમાં ઈઝરાયેલી કબ્જો નહીં હટે ત્યાં સુધી વિસ્તારમાં સુરક્ષા અને સ્થિરતા સ્થાપિત થઈ શકશે નહીં. તેમણે કહ્યું કે પેલેસ્ટાઈનના લોકો શાંતિ ઈચ્છે છે.

## ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને દિગ્ગજ નેતા રાજીવ સાતવનું કોરોનાથી નિધન

ન્યુ દિલ્હી,તા.૧૬



કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ અને ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવનું નિધન થયું છે. તેઓ છેલ્લાં કેટલાંક દિવસથી કોરોનાથી ઝઝૂમી રહ્યા હતા. તેમની ઉંમર ૪૬ વર્ષની હતી. ૨૨ એપ્રિલના રોજ સાતવનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. છેલ્લાં કેટલાંક દિવસથી તેમની તબિયત સતત લથડી રહી હતી. મહારાષ્ટ્રના સ્વાસ્થય મંત્રી રાજેશ ટોપેના મતે સાતવ સાઈટોમેગલોવાયરસથી સંક્રમિત થઈ ગયા હતા. તેમને પૂનાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

કોરોનાના નજીવા લક્ષણ દેખાતા તેમણે ટેસ્ટ કરાવ્યો હતો, ત્યારબાદ ૨૨ એપ્રિલના રોજ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની તબિયતમાં સુધારો આવી રહ્યો હતો, પરંતુ છેલ્લાં કેટલાંક દિવસથી તેમની તબિયત સતત બગડી રહી હતી. આખરે રાજીવ સાતવ જિંદગી સામેની જંગ હારી ગયા.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને ગુજરાત કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ રાજીવ સાતવના નિધન પર શોક વ્યકત કર્યો છે.

## રાજધાની દિલ્હીમાં ૨૪ મે સુધી લોકડાઉન લંબાવાયુ

નવી દિલ્હી,તા.૧૬

દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસમાં પાછલા થોડાક દિવસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકડાઉન વધારવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલે ચોથી વાર આ લૉકડાઉન વધાર્યું છે. દિલ્હીમાં પાછલા મહિનામાં પહેલી વાર લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી ત્યારપછી સતત તેને લંબાવવામાં આવ્યું છે. દિલ્હીમાં કોરોનાના પોઝિટિવિટી રેટમાં ત્યારથી લઈને અત્યાર સુધી ૨૪ ટકા ઘટાડો જોવા મળ્યો છે પરંતુ સરકાર કોઈ પણ પ્રકારની ઢીલ આપવા માંગતી નથી. જે પ્રતિબંધો પાછલા ત્રણ અઠવાડિયાથી લાગુ છે, તે આગામી અઠવાડિયામાં પણ લાગુ રહેશે. ઉલ્લેખનીય છે કે પાછલી જાહેરાતમાં મુખ્યમંત્રી કેજરીવાલે મેટ્રો સેવાઓ પર પ્રતિબંધની જાણકારી આપી હતી. દિલ્હીમાં અત્યારે લગ્ન સમારોહ પર પણ સંપૂર્ણ પ્રતિબંધ છે. ગાઈડલાઈન્સ અનુસાર, લોકડાઉન દરમિયાન મેટ્રો સેવાઓ બંધ રહેશે. સાર્વજનિક સ્થળો જેમ કે હોટલ, સમુદાયના કેન્દ્રો, બેંક્વેટ હોલ વગેરે પર લગ્ન સમારોહનું આયોજન નહીં થઈ શકે. લગ્નની મંજૂરી આપવામાં આવશે પરંતુ તેની પરમિશન કોર્ટ પાસેથી લેવી પડશે.

## જીએસટી કાઉન્સિલની ૨૮મીએ બેઠક

ન્યુ દિલ્હી,તા.૧૬

જીએસટી કાઉન્સિલની બેઠક ૨૮મી મેએ યોજવાની જાહેરાત નાણાં મંત્રાલયે કરી હતી. જકાત, સેવા કર અને વેટ સહિત અનેક સ્થાનિક કરની બાદબાકી કરીને ૨૦૧૭માં જીએસટી કરની શરૂઆત કરવામાં આવી હતી. કેન્દ્રનાં નાણાં પ્રધાનની અધ્યક્ષતામાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના પ્રતિનિધિઓની જીએસટી કાઉન્સિલ દર ત્રિમાસિક ગાળામાં એક વખત જીએસટી સંબંધી સમસ્યાઓના સમાધાન માટે બેઠકનું આયોજન કરે છે. કેન્દ્રના નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં જીએસટી કાઉન્સિલની બેઠક ૨૮મેએ નવી દિલ્હીમાં ૧૧ વાગ્યે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાશે.


FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available


ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. કમળાબેન કાન્તીભાઈ પટેલ
સ્વ. તારીખ : ૧૭/૫/૨૦૧૪

नैनं छिन्दंन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

આપની સાતમી પુણ્યતિથિએ
શત્ શત્ વંદન

કાન્તીભાઈ ડી. પટેલ
અંબાપુર ગામ

ઘનશ્યામ કે. પટેલ
ડિરેક્ટર
ગાંધીનગર નાગરિક બેંક

દિપક કે. પટેલ
મિતુલ ગેસ એજન્સી

હરેશ કે. પટેલ
દેવલ ફોટો સ્ટુડિયો